**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૬ ડીગ્રી
લઘુતમ : ૨૫.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૮૪ ટકા

# આજે ઝીરો શેડો ડે : સૂર્ય પડછાયો પાડશે નહીં

## શૂન્ય છાયા દિવસ એ એવો દિવસ છે કે જેના પર સૂર્ય મધ્યાહ્ન સમયે કોઈ વસ્તુનો પડછાયો નથી પાડતો : બેંગલુરુ બીજી વખત આનું સાક્ષી બનશે

ઝીરો શેડો ડે પર, સૂર્ય સીધો જ ઉપર રહે છે, અને પૃથ્વીની સપાટી પર કોઈ પડછાયાઓ રચાશે નહીં. આનો અર્થ એ છે કે સૂર્ય આકાશમાં તેના સર્વોચ્ચ સ્થાને પહોંચે છે જેના પરિણામે પડછાયાની લંબાઈ એટલી હદે ઘટી જાય છે કે તે હવે દેખાતો નથી. ઝીરો શેડો ડે એ એક ખાસ અવકાશી ઘટના છે જે વર્ષમાં બે વાર ૨૩.૫ અને -૨૩.૫ ડિગ્રી અક્ષાંશ વચ્ચેના સ્થળોએ થાય છે. આ ઘટના દરમિયાન, સૂર્ય આકાશમાં તેના ઉચ્ચતમ બિંદુ પર હોય છે, પરિણામે કોઈપણ વસ્તુ અથવા વ્યક્તિની છાયાની ગેરહાજરીમાં. એસ્ટ્રોનોમિકલ સોસાયટી ઓફ ઈન્ડિયા અનુસાર, સૂર્ય કોઈ વસ્તુ પર પડછાયો પાડશે નહીં - જ્યારે તે બરાબર પરાકાષ્ઠા પર હોય. તેની વેબસાઈટમાં, છજીૈં એ લખ્યું, " ૨૩.૫ અને -૨૩.૫ ડિગ્રી અક્ષાંશ વચ્ચે રહેતા લોકો માટે, સૂર્યનો અધોગતિ બે વાર તેમના અક્ષાંશની બરાબર હશે - એક વાર ઉત્તરાયણ દરમિયાન અને એક વાર દક્ષિણાયન દરમિયાન. આ બે દિવસોમાં, સૂર્ય બરાબર હશે. બપોરના સમયે ઓવરહેડ અને જમીન પર કોઈ વસ્તુનો પડછાયો નાખશે નહીં." શૂન્ય છાયા દિવસ એ એવો દિવસ છે કે જેના પર સૂર્ય મધ્યાહ્ન સમયે કોઈ વસ્તુનો પડછાયો નથી પાડતો, જ્યારે સૂર્ય બરાબર પરાકાષ્ઠા પર હશે. શૂન્ય છાયા દિવસ ઉષ્ણકટિબંધીય સ્થળો માટે વર્ષમાં બે વાર થાય છે (૨૩.૪ દ્ર અક્ષાંશ પર કર્ક રાશિ અને ૨૩.૪ સે પર મકર રાશિની ઉષ્ણકટિબંધની વચ્ચે). પૃથ્વી પરના વિવિધ સ્થળો માટે તારીખો બદલાશે. આ ઘટના ત્યારે થાય છે જ્યારે સૂર્યનું અધોગતિ સ્થાનના અક્ષાંશ જેટલું થાય છે.ચ૧ૃ શૂન્ય પડછાયાના દિવસે, જ્યારે સૂર્ય સ્થાનિક મેરિડીયનને પાર કરે છે, ત્યારે સૂર્યના કિરણો જમીન પરની કોઈ વસ્તુની સાપેક્ષમાં બરાબર ઊભી થાય છે અને વ્યક્તિ તે વસ્તુની કોઈપણ છાયાને જોઈ શકતી નથી.ચ૨ૃ પડછાયાઓ તમારી બાજુમાં ચાલે છે? એક રસપ્રદ ઘટના જે આ વર્ષે ૧૮ ઓગસ્ટે થવા જઈ રહી છે તે તમારા પડછાયાઓને નજીકથી અદૃશ્ય કરી દેશે; ખગોળીય ઘટનાને ઝીરો શેડો ડે તરીકે ઓળખવામાં આવે છે. ઉપરાંત, દરેક શહેર અથવા સમગ્ર વિશ્વ આ શુક્રવારે આ આકાશી ઘટનાનું સાક્ષી બનશે નહીં, પરંતુ બેંગલુરુ, ભારત આનું સાક્ષી બનશે, તે પણ બીજી વખત.





## પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય સેક્ટર-૩૦ ખાતે એનડીઆરએફના જવાનોનુ નિદર્શન




ગાંધીનગર, તા.૧૭

શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય સેક્ટર ૩૦ ગાંધીનગર ખાતે એનડીઆરએફના જવાનોનુ આચાર્ય યુવરાજસિંહ વાઘેલાએ પુષ્પ ગુચ્છ અને શાલ ઓઢાડી ને સ્વાગત સન્માન કર્યુ હતુ. એનડીઆરએફના અધિકારીશ્રી એ તમામ વિદ્યાર્થીઓને જણાવ્યું કે એનડીઆરએફ આઠ વર્ષના ટૂંકા ગાળામાં, એક ઉચ્ચ કાર્યક્ષમ દળ તરીકે પોતાના માટે વિશિષ્ટ સ્થાન બનાવ્યું છે.

આ બળે કુદરતી અને માનવસર્જિત બંને પ્રકારની આપત્તિઓનો સામનો કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી, ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળ, ભારતમાં આપત્તિ વ્યવસ્થાપન માટેની સર્વોચ્ચ સંસ્થા છે. એનડીઆરએફના જવાનો એ શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયમા તમામ વિદ્યાર્થીઓને અલગ-અલગ નિર્દશન કરીને બતાવ્યા હતા. આભાર વિધી શાળાના ટ્રસ્ટી શોભનાબાએ કરી કાર્યક્રમનુ સમપન કરાયુ હતુ.

## એસ.જી. ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ યોજાયો



ગાંધીનગર, તા.૧૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત ગાંધીનગર તથા કડીમાં આવેલ ઈંગ્લીશ મીડીયમ પ્રાઈમરી સ્કૂલના ડાયરેક્ટર ડો. જીનલ જોશીના માર્ગદર્શન હેઠળ શનિવારના રોજ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ યોજવામાં આવ્યો હતો. જેમાં 'મેન્ટલ હેલ્થ એન્ડ વેલ બીઈંગ' ના કાઉન્સેલર શ્રુતિ તિવારી અને માનુષી ઉપાધ્યાય દ્વારા લાગણી તથા ભાવનાઓને કઈ રીતે સમજવી અને નિવારવી અને 'હેલ્ધી તથા અનહેલ્ધી ઈમોશન્સ વચ્ચેનો તફાવત' તે વિષય પર ઉપયોગી માહિતી પ્રદાન કરવામાં આવી હતી. જેમાં ફેકલ્ટીઝના વિવિધ પ્રકારના પ્રશ્નો ના સંતોષકારક જવાબો પણ પ્રાપ્ત થયેલ હતા. લાગણીઓને સંચાલિત કરી અને આવનાર તમામ પડકારોને કઈ રીતે ઝીલી શકાય તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં એસ.જી. ઈંગ્લીશ મીડીયમ સ્કૂલના તમામ શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્મસી ખાતે કેરિયર ઑપોર્ચ્યુનિસ્ટ ઓફ ફાર્માસીસ્ટ વિષય પર સેમિનાર



શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્મસી ખાતે કેરિયર ઑપોર્ચ્યુનિસ્ટ ઓફ ફાર્માસીસ્ટ વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ફાર્મસી ના આશરે ૧૨૦ વિદ્યાર્થીઓ એ ઉમળકાભેર ભાગ લીધો હતો.

## સ્વર્ણિમ સ્કુલ ઑફ એન્જિનીયરિંગે ઓરિયેન્ટેશન પ્રોગ્રામનું આયોજન

ગાંધીનગર, તા.૧૭

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી (એસએસઆઈયુ)ની સાથે સંકળાયેલી સ્વર્ણિમ સ્કુલ ઑફ એન્જિનીયરિંગએ બુધવારના રોજ ઓરિયેન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરીને બી.ટૅક પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓની બેચની આવકારી હતી. વિદ્યાર્થીઓની આ સમગ્ર નવી બેચની સાથે તેમના વાલીઓએ પણ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

એકેડેમિક્સના ડીન ડૉ. કવિતા ક્ષત્રિયની સાથે રીસર્ચના ડીન ડૉ. ગુંજન યાદવ, સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઑફિસર ડૉ. આર. એચ. રાજપૂત આ સમારંભ દરમિયાન હાજર રહ્યાં હતાં. વિવિધ ફેકલ્ટીના વડાઓ અને સભ્યોએ વિદ્યાર્થીઓને યુનિવર્સિટી અને અભ્યાસક્રમોનું વિહંગાવલોકન કરાવ્યું હતું અને જિજ્ઞાસુ વિદ્યાર્થીઓને પોતાના દિમાગને રચનાત્મક કાર્યોમાં વ્યસ્ત રાખવા પ્રોત્સાહિત કર્યા હતા તથા તેમને શુભેચ્છાઓ પાઠવી હતી. ઈક્યુબેશન મેનેજર જિતેન ઠક્કર તથા ટ્રેનિંગ અને પ્લેસમેન્ટના ડિરેક્ટર વિજયકાંત કુમારે વિદ્યાર્થીઓની સાથે એક ઈન્ટરેક્ટિવ સેશન પણ યોજ્યું હતું.

## રાષ્ટ્ર ભક્તિ ગીત સંગીત સંધ્યા કાર્યક્રમ યોજાયો

ભારત માતા અભિનંદન નિઃશુલ્ક જ્ઞાન શાળાના સંચાલક અને ટ્રસ્ટના પ્રમુખ ડૉ ગુલાબ ચંદ પટેલ દ્વારા ભારત દેશની આઝાદીની ૭૭મી વર્ષ ગાંઠ નિમિતે રાષ્ટ્ર ભક્તિ ગીત સંગીત સંધ્યાનો કાર્યક્રમ ગુલાબ ગાયક વૃંદ ગાંધીનગરના કલાકારો સાથે રાખી યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ક્લબના પૂર્વ પ્રમુખ રાધે શ્યામ યાદવની અધ્યક્ષતામાં સેક્ટર-૧૪, ડૉ બાબા સાહેબ આંબેડકર ગાર્ડનમાં યોજાઈ ગયો.

### આજે શિવ મહિમ્ન પાઠ

તપનભાઈ ત્રિવેદી, બ્લોક નં. ૧૧૪/૫, છ-ટાઈપ, સેક્ટર-૨૩ ખાતે રાત્રે નવ કલાકે

## જન્મદિને વધામણી


બીનાબા શંકરસિંહ રાણા


વંદના એચ ડોડિયા


લક્ષ્મી જોષી
લાયોનેસ ક્લબ


સેજલ બી જાદવ


વિવાન દેવાંગ ટાંક
મો. ૯૮૯૮૦ ૪૫૪૧૬


વિહાન દેવાંગ ટાંક
મો. ૯૮૯૮૦ ૯૧૫૩૪


જયેશ અંબાલાલ પરમાર


જ્યોતિબેન સંજયકુમાર પ્રજાપતિ
મો. ૯૯૭૯૨ ૦૨૭૪૭


ધ્રુવિન રાવલ
મો. ૮૩૨૦૮ ૬૨૫૪૭


હેનિલ તરૂણકુમાર પરમાર
મો. ૭૮૭૪૪ ૪૨૫૧૫


પરિધિ શ્રેયાંસ રાણા
મો. ૯૮૨૪૯ ૨૦૫૫૨


જિજ્ઞેશ પરમાર


રસિકભાઈ આર.ચૌહાણ
મો : ૯૩૨૭૦ ૭૮૪૪૭


પૂજાબેન એચ.પ્રજાપતિ


કર્વ ગુંજન ઠક્કર

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.શાહ વિક્રમકુમાર કનૈયાલાલ ઉ.વ.૫૫, પાવીજેતપુર,
- સ્વ.ઠાકોર પોપટભાઈ રવજીભાઈ ઉ.વ.૭૭, સે-૨૮, છાપરાં
- સ્વ.ભંડોરી પ્રકાશભાઈ પોપટભાઈ ઉ.વ.૭૬, ગાંધીનગર
- સ્વ.વાઘેલા બકુલ લક્ષ્મણભાઈ ઉ.વ.૪૭, ઈન્દ્રોડા
- સ્વ.બામણીયા પુરીબેન સોમાભાઈ ઉ.વ.૭૦, રૂપાલ
- સ્વ.ઠાકોર જયંતિજી ચંદુજી ઉ.વ.૫૦, ચાંદીસણા, માણસા

● પારસમણી ફાઉન્ડેશન દ્વારા સ્વાતંત્ર્ય પર્વ ઉજવાયો



● ચિલોડા ગ્રામ પંચાયત ખાતે બાળકો દ્વારા વેશભુષા




## ● ગાંધીનગર શહેર જિલ્લામાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

● માનસ યોગ સેવા, સામવેદ, પ્રમુખ, નક્ષત્ર ગ્રૂપ




● શિહોલી મોટી



● સમર્પણ મુકબધિર શાળા, સેક્ટર-૨૮



● ગુજરાત સ્ટેટ યોગ બોર્ડ, સે-૪ બગીચો

